प्रकरण 2

# સગપણ સંબંધો અને પાયાના ખ્યાલો (Kinship Relationship and Basic Concepts)

- પરિચય

અ. વારસાગત સગપણ સંબંધો

બ. નજીકના સગા સાથેના સંબંધો

ક. ગૌત્ર અને સગોત્ર

ડ. સપિંડ

## • પરિચય

સગપણ-સંબંધોની વ્યવસ્થા સાર્વત્રિક હોવા છતાં તે વૈવિધ્યપૂર્ણ અને અત્યંત જટિલ છે, તે સગપણ-સંબંધોની જાળ રચે છે. કુટુંબ એક સગપણ-સંબંધ જૂથ છે. તેની જટિલતા વિશે અમર્ત્ય સેને નોંધ્યું છે કે, કુટુંબ એટલી જટિલ સંસ્થા છે કે જાણે કુટુંબનું અસ્તિત્વ જ ન હોય તે રીતે આર્થિક સિદ્ધાંત પ્રસ્થાપિત કરે છે. અર્થવ્યવસ્થામાં કુટુંબની ભૂમિકા હોવા છતાં ખરીદી, વેચાણ, કમાણી, નફો, જેવા આર્થિક વ્યવહારોમાં વ્યક્તિ અને પેઢી દૃષ્ટિગોચર થાય છે પરંતુ તેમાં ક્યાંય કુટુંબ નજરે પડતું નથી. કુટુંબની સરખામણીમાં સગપણ-સંબંધોની વ્યવસ્થા અત્યંત જટિલ છે. આથી તેને સમજવા માટે તેને લગતા કેટલાક પાયાના ખ્યાલો સમજવા જરૂરી છે. આ પાયાના ખ્યાલો સગપણ-સંબંધોની વ્યવસ્થાનું વિશ્લેષણ કરવા માટેનું અગત્યનું સાધન છે. આ ખ્યાલો સગપણ-સંબંધોને લગતી વાસ્તવિક ઘટનાનાં સામાન્ય તત્ત્વોને સૂચિત કરે છે. ચોક્કસ ઘટનાને અમુક નામથી ઓળખવા માટેનો શબ્દ-પરિભાષા (term) એટલે જ ખ્યાલ. આ ખ્યાલો સગપણ-સંબંધોની જટિલતા અને વૈવિધ્યનું સરળ રીતે સંવાહન કરવામાં ઉપયોગી સાધન બની રહે છે. આ ખ્યાલો એક પ્રકારની ટૂંકાક્ષરી છે. અહીં સગપણ સંબંધો અંગેના કેટલાંક પાયાના ખ્યાલોની સમજ આપી છે અને અન્ય કેટલાંક પાયાના ખ્યાલોની સમજ અનુગામી પ્રકરણ-૩માં આપી છે.

## અ. વારસાગત સગપણ સંબંધો
## (Heriditory Kinship Relationship)

વારસાગત-પરંપરાગત રીતે ઊતરી આવતા સગપણ-સંબંધો પેઢી-દર-પેઢી ચાલ્યા આવતા સંબંધો છે. જેમ જેમ પેઢી આગળ વધતી જાય તેમ તે પેઢીઓ વચ્ચેનું જૈવિક-સામાજિક અંતર વધતું જાય છે. એ રીતે પૂર્વજો-વંશજો સંબંધોનો વિસ્તાર વધતો જાય છે. જેમકે, મા-બાપ અને સંતાનો વચ્ચે નિકટવર્તી જૈવિક-સામાજિક સંબંધ છે અને તેમાંથી વારસાગત-પરંપરાગત કે પેઢી-દર-પેઢી ઊતરી આવતા સંબંધોમાં ક્રમિક રીતે જૈવિક-સામાજિક અંતર વધતું જાય છે. આથી સગપણ-સંબંધોની ઉત્તરોત્તર કોટિઓ કે શ્રેણીઓ રચાતી જાય છે જેને સગપણ-સંબંધોની શ્રેણીઓ કે કોટિઓ તરીકે ઓળખવામાં આવે છે અને તેમાં પેઢી-દર-પેઢી જૈવિક-સામાજિક અંતરની માત્રા વધતી જાય છે. આ દૃષ્ટિએ પ્રથમ, દ્વિતીય, તૃતીય શ્રેણી અને તે રીતે આગળને આગળ શ્રેણીઓ રચાતી જાય છે.

જોડાણ અને સમાન લોહીના સગપણ-સંબંધીઓ વચ્ચેના સંબંધમાં જૈવિક અને સામાજિક અંતર જુદા જુદા સગપણ-સંબંધીઓ વચ્ચે વિભિન્ન હોય છે. જૈવિક અંતર વધવાની સાથે સામાજિક અંતર વધતું જાય છે. એટલે કે, પારસ્પરિક હક્કો-ફરજોની માત્રા ઘટતી જાય છે. આ દૃષ્ટિએ જોતાં સગપણ-સંબંધોની પ્રથમ, દ્વિતીય, તૃતીય અને તે રીતે આગળને આગળની ક્રમિક શ્રેણીઓ રચાતી જાય છે. અહીં આપણે આ ખ્યાલની સમજ મેળવવા પ્રથમ, દ્વિતીય અને તૃતીય શ્રેણીના સગપણ-સંબંધોનો વિચાર કરીશું.

**(1) પ્રથમ શ્રેણીનો કે પ્રાથમિક સગપણ-સંબંધ (Primary Kinship) :**

આ પ્રકારના સગપણ-સંબંધીઓ વચ્ચે જૈવિક અને સામાજિક સંબંધ નિકટનો તેમજ સીધો હોય છે. પતિ-પત્ની વચ્ચેનો સબંધ, મા-બાપ અને સંતાનો વચ્ચેનો સંબંધ, ભાઈ-ભાઈ વચ્ચેનો સંબંધ અને ભાઈ-બહેન વચ્ચેનો સંબંધ નિકટનો અને સીધો છે. આવા પ્રકારના સીધા સંબંધને પ્રથમ શ્રેણીના સગપણ-સંબંધીઓ કહેવાય. આવા સંબંધને પ્રાથમિક કે નિકટવર્તી સંબંધ કહેવામાં આવે છે. આવા સંબંધીઓ વચ્ચે જૈવિક અને સામાજિક અંતર નિમ્નતમ હોય છે. પ્રથમ શ્રેણીનો સંબંધ લગ્ન તેમજ સમાન રુધિર ઉપર રચાયેલો છે. જેમકે, પતિ-પત્ની વચ્ચેનો સંબંધ લગ્ન ઉપર આધારિત છે, જયારે મા-બાપ અને સંતાનો વચ્ચેનો, ભાઈ-ભાઈ વચ્ચેનો અને બહેન-બહેન વચ્ચેનો સંબંધ સમાન લોહી ઉપર આધારિત છે. તેઓ વચ્ચે પારસ્પરિક હક્કો અને ફરજો વિશિષ્ટ હોય છે.

**(2) દ્વિતીય શ્રેણીનો સગપણ-સંબંધ (Secondary Kinship) :**

જે સગપણ-સંબંધીઓ સાથે આપણો પ્રથમ શ્રેણીનો સંબંધ નથી, પરંતુ તેઓ સાથે આપણા પ્રથમ શ્રેણીના સંબંધીઓ પ્રથમ શ્રેણીનો સંબંધ ધરાવતા હોય તેવા સગપણ-સંબંધીઓ આપણા દ્વિતીય શ્રેણીના સગપણ-સંબંધીઓ છે. પિતા આપણા પ્રથમ શ્રેણીના સંબંધી છે અને પિતાના પિતા આપણા પિતાના પ્રથમ શ્રેણીના સંબંધી છે અને આપણા દ્વિતીય શ્રેણીના સંબંધી છે. પિતાના ભાઈ સાથે પિતા પ્રથમ શ્રેણીનો સંબંધ ધરાવે છે જ્યારે પિતાના ભાઈ સાથે આપણો દ્વિતીય શ્રેણીનો સંબંધ છે. આથી જણાશે કે આપણા પ્રથમ શ્રેણીના સગપણ-સંબંધી સાથે જેઓ પ્રથમ શ્રેણીનો સંબંધ ધરાવે છે તેઓ આપણા દ્વિતીય શ્રેણીના સગપણ-સંબંધીઓ છે. માતાના ભાઈ આપણા દ્વિતીય શ્રેણીના સંબંધી છે. કાકા-ભત્રીજો, મામા-ભાણેજ, ફોઈબા-ભત્રીજો, સાળો-બનેવી, નણંદ-ભોજાઈ, પિતામહ-પૌત્ર વગેરે દ્વિતીય શ્રેણીના સગપણ-સંબંધીઓ છે. આવા સંબંધો પણ જોડાણ અને લોહી ઉપર આધારિત છે.

**(3) તૃતીય શ્રેણીનો સગપણ-સંબંધ (Tertiary Kinship) :**

જેઓ સાથે આપણે દ્વિતીય શ્રેણીનો સંબંધ ધરાવતા હોઈએ તેઓના પ્રથમ શ્રેણીના સંબંધીઓ આપણા તૃતીય શ્રેણીના સગપણ-સંબંધીઓ કહેવાય. એટલે કે આપણા દ્વિતીય શ્રેણીના સગાના પ્રથમ શ્રેણીના સગા આપણા માટે તૃતીય કોટિના સગપણ-સંબંધીઓ છે. પ્રપિતામહ-પ્રપૌત્ર એ તૃતીય શ્રેણીનો સંબંધ છે.

સગપણ-સંબંધોની આ શ્રેણીઓ સગપણ-સંબંધીઓ વચ્ચેનું જૈવિક અને સામાજિક અંતર સમજવામાં ઉપયોગી છે. તેના આધારે તેઓ વચ્ચેના પારસ્પરિક સંબંધો સમજી શકાય છે. પ્રથમ શ્રેણીના સગપણ-સંબંધીઓ વચ્ચે જૈવિક-સામાજિક નિકટતા છે. તેઓના પારસ્પરિક હક્કો અને ફરજો વિશિષ્ટ છે. તેઓ પરસ્પર ગાઢ રીતે સંકળાયેલા છે; જ્યારે તેની તુલનામાં દ્વિતીય, તૃતીય, ચતુર્થ વગેરે શ્રેણીઓના સંબંધીઓ વચ્ચે ઉત્તરોત્તર જૈવિક-સામાજિક અંતર વધતું જાય છે અને પારસ્પરિક હક્કો અને ફરજો પણ ક્રમિક રીતે ઘટતા જાય છે. આ શ્રેણીઓ મિલકત અને વારસાની વહેંચણી સમજવામાં પણ ઉપયોગી થાય છે. મિલકતના વારસાની પદ્ધતિ આ શ્રેણીઓ ઉપર રચાયેલી છે.

## બ. નજીકના સગા સાથેના સંબંધો (Incest)

વિભક્ત કુટુંબમાં પિતા અને પુત્રી, માતા અને પુત્ર તથા ભાઈ અને બહેન બહુ જ નિકટના સમાન રુધિરના સગાછે. તેઓ એક જ લોહીનાં સગાઓ છે તેથી

તેઓ વચ્ચે લગ્નનો નિષેધ છે. આ સગા સાથેના જાતીય સંબંધોનો નિષેધ સાર્વત્રિક છે, જેને **'સમાન રુધિર લગ્ન નિષેધ'** (Incest taboo) કહેવામાં આવે છે. **જોહ્ન્સન** આ માટે પ્રાથમિક સમાન રુધિર જાતીય સંબંધો પરનો નિષેધ (Primary incest taboo)) પરિભાષા પ્રયોજે છે.

નજીકના સગા સાથેના જાતીય સંબંધોનો નિષેધ (Incest) ની સાંસ્કૃતિક સાપેક્ષતા જોવા મળે છે. એટલે કે જુદા જુદા સમાજોમાં તેનું સ્વરૂપ જુદું જુદું જોવા મળે છે. જેમકે, કેટલાક સમાજોમાં મામા-ફોઈનાં સંતાન, કાકા-દાદાનાં સંતાન વચ્ચેના લગ્નને પસંદગી આપવાનો નિયમ છે, જ્યારે હિંદુઓમાં નિકટના સગા સાથેના લગ્નનિષેધનું ક્ષેત્ર સપિંડ સુધી વિસ્તરેલું છે. અહીં ''નજીકના સગા'' જુદા જુદા સમાજોમાં વિભિન્ન રીતે પરિભાષિત થયેલ છે. આ અર્થમાં તેની સાંસ્કૃતિક સાપેક્ષતા જોવા મળે છે. પરંતુ પિતા અને પુત્રી, માતા અને પુત્ર તથા ભાઈ અને બહેન વચ્ચેના જાતીય સંબંધો ઉપર સાર્વત્રિક રીતે નિષેધ જોવા મળે છે.

**લેવી સ્ટ્રોસ**ના મતે આ પ્રકારના નિષેધ (નિયંત્રણ)ની સાર્વત્રિકતા માનવજાતિની પ્રાકૃતિક અવસ્થામાંથી એક સંસ્કૃતિમાં થયેલી સંક્રાંતિની સૂચક છે. આ પ્રકારના નિષેધની સાર્વત્રિકતા સગપણ-સંબંધોનું મૂળભૂત સ્વરૂપ અને સાચું કાર્ય (true function) સમજવાની ચાવી છે. પ્રગટ રીતે જોતાં નિષેધ તરીકે તે નકારાત્મક આદેશો છે. (આ નિકટના સગા લગ્ન ન કરી શકે અર્થાત્ આ નિકટના સગાના વર્તુળમાંથી જીવનસાથીની પસંદગી ન થઈ શકે તેવો નકારાત્મક આદેશ) પરંતુ લેવી તેનું હકારાત્મક કાર્ય હોવાનું નોંધે છે. આ હકારાત્મક કાર્ય બહિર્લગ્ન અને અંતર્લગ્નના નિયમોમાં વ્યક્ત થાય છે. (અમુક વર્તુળની બહારથી જ જીવનસાથીની પસંદગી થઈ શકે તેવા નિયમને બહિર્લગ્નના નિયમો કહેવાય અને અમુક વર્તુળમાંથી જ જીવનસાથીની પસંદગી થઈ શકે તેવા નિયમને અંતર્લગ્નનો નિયમ કહેવાય.) નજીકના સગાં સાથેનો લગ્નનિષેધ સામાજિક સુગ્રથનનું મહત્ત્વનું ક્રિયાતંત્ર છે, કારણ કે તેનાથી કુટુંબમાં જાતીય સ્પર્ધા-સંઘર્ષનું નિવારણ થાય છે અને એકતા જળવાય છે. વળી આ નિષેધથી સંબંધો કુટુંબની બહાર વિસ્તાર પામે છે અને સામાજિક સંબંધોનું ક્ષેત્ર વ્યાપક બને છે. આ પ્રકારના નિષેધને લીધે જોડાણના સંબંધો દ્વારા વિશાળ સમાજ હક્કો અને ફરજોના બંધનોથી બંધાય છે. દરેક લગ્ન દ્વારા બે કુટુંબો સંબંધોથી જોડાય છે તેની સાથોસાથ એ કુટુંબોના અન્ય ઘણા સગપણ-સંબંધીઓ પરસ્પર બંધનોથી બંધાય છે. તેથી એક કુટુંબની સંસ્કૃતિ બીજા કુટુંબમાં પ્રસારણ પામે છે અને સંસ્કૃતિનું સંવર્ધન થાય છે. **રાલ્ફ લિંટન**ના

મતે આ પ્રકારનો નિષેધ જૈવિક-મનોવૈજ્ઞાનિક, સામાજિક અને સાંસ્કૃતિક એમ વિભિન્ન પરિબળોને લીધે ઉદ્‌ભવ્યો છે. **મેલિનોવસ્કી** કહે છે તેમ આવો નિષેધ સામાજિક સંગઠનને ટકાવી રાખવામાં તેમજ કુટુંબ સંગઠનને ટકાવી રાખવામાં ઉપયોગી છે. સમાન રુધિર લગ્નનિષેધ (Incest taboo) પાછળ સુપ્રજનનશાસ્ત્રીય સિદ્ધાંત કામ કરતો હોવાનું માનવામાં આવે છે.

## ક. ગોત્ર (Clan) અને સગોત્ર

ગોત્ર એ એકદૈશિક કુટુંબો (માતૃવંશી અથવા પિતૃવંશી)નું બનેલું જૂથ છે, તેના સભ્ય કોઈ કાલ્પનિક કે વાસ્તવિક એવા કોઈ એક સમાન પૂર્વજમાંથી ઊતરી આવ્યા હોવાનો દાવો કરે છે. (રામકૃષ્ણ મુકર્જી) મજુમદાર અને મદન આદિવાસી સમાજના સંદર્ભમાં કહે છે તેમ આ પૂર્વજ તરીકે માનવ, પ્રાણી, વૃક્ષ કે કોઈ જડ પદાર્થ હોઈ શકે છે.

**પેટ્રિશિયા ઉબેરોઈ**ના મતે ગોત્ર એ કોઈ એક સમાન પૂર્વજમાંથી ઊતરી આવેલ માતૃવંશી અથવા પિતૃવંશી એકદૈશિક વંશજોનો બનેલો સમૂહ છે. દરેક ગોત્ર સમૂહને તેનું વિશિષ્ટ નામ હોય છે. જેમકે બ્રાહ્મણોમાં કૌડિન્ય, ભાર્ગવ વગેરે ગોત્રનાં નામ છે. 'હો' અદિવાસીમાં જુદા જુદા નામ ધરાવતાં 50 જેટલાં ગોત્રો છે. 'ભૂમિયા' આદિવાસીમાં 18 ગોત્રો છે. ગોત્રનું નામ પૂર્વજના નામ પરથી કે કાલ્પનિક પૂર્વજના નામ પરથી પડ્યું હોય છે. કેટલીક જ્ઞાતિઓમાં અટક ગોત્ર બની રહે છે. ઉબેરોઈ બ્રાહ્મણોના સંદર્ભમાં ગોત્રનો ખ્યાલ સમજાવતા નોંધે છે તેમ ગોત્ર એ બહિર્વિવાહી પિતૃવંશી જૂથ છે અને તેના સભ્યો કોઈ એકસમાન પૌરાણિક ઋષિપૂર્વજના વંશજો હોવાનો દાવો કરે છે. પુત્ર યજ્ઞોપવીત સંસ્કારથી પિતાના ગોત્રનું સભ્યપદ મેળવે છે અને સ્ત્રી લગ્ન સંસ્કારથી તેના પતિના ગોત્રનું સભ્યપદ મેળવે છે.

ગોત્રના આ ખ્યાલ અનુસાર ગોત્ર બહિર્વિવાહી જૂથ છે. એટલે કે ગોત્રના સભ્યો અંદરોઅંદર લગ્ન કરી શકતા નથી.

ગોત્રના સભ્યો એમ માને છે કે તેઓ એક જ પૂર્વજમાંથી ઊતરી આવ્યા છે. આ પૂર્વજ કાલ્પનિક કે વાસ્તવિક હોઈ શકે છે.

ગોત્ર એકદૈશિક જૂથ છે. એટલે કે, સંતાનો કાં તો પિતાના ગોત્રના સભ્ય બને છે અથવા માતાના ગોત્રના સભ્ય બને છે. પિતૃવંશી સમાજોમાં સંતાનો પિતાના ગોત્રના સભ્યો બને છે અને માતૃવંશી સમાજોમાં સંતાનો માતાના ગોત્રના સભ્યો

બને છે. પિતૃવંશી કુટુંબમાં સ્ત્રી લગ્ન બાદ પતિના ગોત્રનું સભ્યપદ મેળવે છે. આમ, ગોત્ર કાં તો માતૃવંશી હોય છે અથવા પિતૃવંશી હોય છે. આથી જ ગોત્રને એકદૈશિક જૂથ કહેવામાં આવે છે.

ગોત્રજૂથને તેનું વિશિષ્ટ નામ હોય છે જે કાલ્પનિક કે વાસ્તવિક પૂર્વજના નામ પરથી કે અન્ય રીતે પડ્યું હોય છે.

ગોત્રનું સભ્યપદ ફરજિયાત છે. એટલે કે તે ફરજિયાત જૂથ છે. તેનું સભ્યપદ જન્મથી નક્કી થાય છે. આમ, ગોત્ર-દરજ્જો અર્પિત દરજ્જો છે.

**સગોત્ર-સગોત્રી :** સમાન ગોત્રના સભ્યો સગોત્ર કે સગોત્રી કહેવાય. જે તે ગોત્રના સભ્યો કોઈ એક જ પૂર્વજમાંથી ઊતરી આવ્યા હોવાનું મનાય છે. તેઓ એક જ સમાન પૂર્વજના વંશજો હોવાના નાતે તેઓ સગોત્રી બને છે. તેઓ એક જ પૂર્વજના સંતાનો હોવાનું માને છે. આમ, એક જ પૂર્વજમાંથી ઊતરી આવેલ વ્યક્તિઓ સગોત્ર કે સગોત્રી છે. તેઓ વચ્ચે કાલ્પનિક કે વાસ્તવિક લોહીનો સંબંધ છે. આથી સગોત્રીઓ વચ્ચેના લગ્ન ઉપર નિષેધ જોવા મળે છે. સગોત્રીઓ પરસ્પર નજીકના કે દૂરના સગા ગણાય છે. આથી તેઓ વચ્ચે પારસ્પરિક હક્કો-ફરજો નક્કી થયા હોય છે. પારસ્પરિક મદદ કરવી તે ફરજ ગણાય છે. કેટલાક સમાજોમાં સ્તરીકરણ રચવામાં ગોત્ર મહત્ત્વનો ભાગ ભજવે છે. જે તે સમાજના વિભિન્ન ગોત્રો વચ્ચે ઉચ્ચ-નિમ્નના ભેદભાવ હોય છે. અમુક ગોત્ર-જૂથને બીજા ગોત્ર-જૂથ કરતાં સામાજિક દરજ્જો અને પ્રતિષ્ઠાની દૃષ્ટિએ સમાન, ઊંચું કે નીચું માનવામાં આવે છે. આથી અમુક ગોત્ર-જૂથો વચ્ચે બેટી-વ્યવહાર થાય છે જ્યારે અમુક ગોત્ર જૂથો સાથે બેટી-વ્યવહાર થતો નથી.

## ૩. સપિંડ

સમાન પુરુષ પૂર્વજ કે સ્ત્રી પૂર્વજમાંથી ઊતરી આવેલી વ્યક્તિઓને સપિંડ કહેવાય. આથી પિતૃપક્ષીય સપિંડ (Agnate) અને માતૃપક્ષીય સપિંડ (Non-agnatic cognate) એમ સપિંડના બે પ્રકાર પડે છે. સપિંડનો ખ્યાલ અંત્યેષ્ટિવિધિ કે શ્રાદ્ધક્રિયા વખતે પિતૃદેવને અર્પણ કરાતા ચોખાના પિંડ સાથે સંકળયેલો છે. પિંડ એટલે પિતૃદેવને અર્પણ કરવામાં આવતા ચોખાના પિંડ. શ્રાદ્ધક્રિયા કે ઉત્તરક્રિયા વખતે પિંડદાન કરવા માટે જે વ્યક્તિઓ અધિકૃત છે તે બધી જ વ્યક્તિઓ એકબીજા માટે સપિંડ બને છે. એમ માનવામાં આવ્યું છે કે શ્રાદ્ધક્રિયા કે ઉત્તરક્રિયા વખતે વ્યક્તિ દ્વારા અર્પણ કરાતા પિંડ પિતૃપક્ષના સાત પેઢીના પૂર્વજોને અને માતૃપક્ષના પાંચ પેઢીના પૂર્વજોને પહોંચે છે.

મિતાક્ષરા શાખા અનુસાર માતૃપક્ષના પાંચ પેઢી સુધીના ઉપરના અને નીચેના સગાઓ સમાન લોહી ધરાવતા હોવાથી સપિંડ ગણાય. એ જ રીતે પિતૃપક્ષના સગાઓ પણ સપિંડ ક્ષેત્રમાં આવી જાય છે. આમ, 'મિતાક્ષરા' શાખા અનુસાર માતૃપક્ષે પાંચ પેઢી સુધી અને પિતૃપક્ષે સાત પેઢી સુધીના ક્ષેત્રમાં આવી જતી વ્યક્તિઓ સપિંડ છે. 'દાયભાગ' શાખા પણ આવો જ ખ્યાલ આપે છે. આમ, ધર્મશાસ્ત્ર અનુસાર માતૃપક્ષે પાંચ પેઢી સુધી ઉપર અને નીચેના ક્ષેત્રમાં અવી જતી વ્યક્તિઓ અને પિતૃપક્ષે સાત પેઢી સુધી ઉપર અને નીચેના ક્ષેત્રમાં આવી જતી વ્યક્તિઓ સપિંડ ગણવામાં આવ્યા છે. પિંડદાન દ્વારા સપિંડીઓ વચ્ચે આધ્યાત્મિક સંબંધ રહેલો છે અને જૈવિક રીતે તેઓ વચ્ચે સમાન લોહીનો સંબંધ રહેલો છે. આથી સપિંડ સગા વચ્ચે લગ્નનો નિષેધ છે. 1955નો હિંદુ લગ્નનો કાયદો માતૃપક્ષની ત્રણ પેઢી અને પિતૃપક્ષની પાંચ પેઢી સુધીના સગાને સપિંડ ગણીને તેમની વચ્ચેના લગ્ન ઉપર નિયંત્રણ મૂકે છે. અલબત્ત, જે સમુદાયોમાં કાકા-દાદાના સંતાન વચ્ચે, મામા-ફોઈના સંતાન વચ્ચે તેમજ માસીની પુત્રી સાથે લગ્ન કરવાનો રિવાજ પ્રચલિત છે તે સમુદાયોમાં આ નિયંત્રણ લાગુ પડતું નથી.

વાસ્તવમાં જોઈએ તો સપિંડ એ નિકટના-સમાન લોહીના સગાનું અને તેના ક્ષેત્રનું વિસ્તરણ છે. સપિંડનો ખ્યાલ સગપણ-સંબંધીઓ વચ્ચેનો જૈવિક, સામાજિક અને આધ્યાત્મિક સંબંધને સૂચિત કરે છે. તેમાં માતૃપૂર્વજો સાથેનો આધ્યાત્મિક સંબંધ વ્યક્ત થાય છે. આ ઉપરાંત માતૃપક્ષ અને પિતૃપક્ષ એમ બંને સાથેનો સંબંધ વ્યક્ત થાય છે. સપિંડ સંબંધીઓ સમાન લોહીના સગા હોવાના નાતે તેઓ વચ્ચે લગ્નનિષેધ જોવા મળે છે. તેમાં સમાન રુધિર લગ્નનિષેધ (Incest taboo)) ની જેમ સપિંડ લગ્નનિષેધ જોવા મળે છે. અહીં સુપ્રજનન શાસ્ત્રીય સિદ્ધાંત કામ કરતો હોવાનું જણાય છે. એટલે કે, વારસાગત રોગ કે ખોડખાપણ વિનાની સારી સંતતિ પ્રાપ્ત કરવાનો હેતુ હોવાનું માનવામાં આવે છે.

❖ ❖ ❖